# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૪ તા.૨૭-૯-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય : મચ્છર ઉપદ્રવ નિયંત્રણ કામગીરી બાબત.**

**સંદર્ભ : ૧. મ્યુનિ. કોર્પોરેશન સરકયુલર નં.૧ તા.૨૭-૫-૧૯**

**૨. નં.ડીપીઇ/મલર/ટેક/વા.જ.સે.અ/પગલા/વશી તા.૧૮-૭-૧૯નો કલેકટરશ્રી, અમદાવાદનો પત્ર**

**૩. માન. ડે. મ્યુનિ. કમિશનરશ્રી (સ્કૂલ બોર્ડ)ની તા.૨૭-૯-૧૯ની સૂચના**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મચ્છર જન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા વિગેરે કેસોને અટકાવવા, નિયંત્રણ કરવા તેમજ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦સુધીમાં તથા ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધી મેલેરીયા મુકત ગુજરાત જાહેર કરેલ નિર્ધારને સાર્થક બનાવવા માટે હેલ્થ વિભાગ હસ્તકના મેલેરિયા વિભાગ દ્વારા ઇન્ટ્રા ડોમેસ્ટીક ,પેરા ડોમેસ્ટીક ,ફોગીંગ, આઇ.આર.એસ., એન્ટી લાર્વલ, કન્સ્ટ્રકશન સાઇટોનું ચેકીંગ તથા જરૂરી આઇ.ઇ.સી. એકટીવીટી જેવી તમામ પ્રકારની સઘન રોગ અટકાયતી કામગીરી / કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

સરકારના આ મેલેરીયા મુકત ગુજરાતના નિર્ધારને સફળ બનાવવા માટે દરેક વિભાગનો પુરતો સહયોગ હોવો ખુબ જ જરૂરી છે. આ માટે શહેરમાં અલગ અલગ જગ્યાએ આવેલ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત એકમો, યુનિટો જેવા કે વોટર પંપીંગ સ્ટેશન, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન,સુએજ ટ્રીટમેન્ટ પલાન્ટ, એ.એમ.ટી.એસ. બસ ડેપો, રોડ/ એસ્ટેટ સ્ટોર ઓફિસ, વર્કશોપ, સ્વીમીંગ પુલ, મસ્ટર સ્ટેશન, ગાર્ડન, નર્સરી, ઝોનલ ઓફિસ, હેલ્થ સેન્ટર, હોસ્પીટલો, મ્યુનિ. સ્કૂલ, લાયબ્રેરી, જીમ્નેસીયમ, સ્મશાનગૃહ, સેન્ટ્રલ સ્ટોર્સ, મ્યુનિ. બિલ્ડીંગ વગેરેમાં નીચે જણાવેલ કારણોસર મચ્છર ઉત્પતિના સ્થાનો ઉદભવી શકે તેમ છે.

- એકમ ખાતેની વાલ્વ, કુંડીની આસપાસ ભરાઇ રહેલ પાણીની જગ્યાએ ..
- એકમના કમ્પાઉન્ડમાં આવેલ અંડર ગ્રાઉન્ડ ટાંકી અને ઓવરહેડ ટાંકીમાં ..
- એકમ/યુનિટના બેઝમેન્ટ/ ટેરેસમાં ભરાતા પાણીમાં ...
- યુનિટની પી.વી.સી./ લોખંડની પાઇપોના લીકેજીસના કારણે ભરાતા પાણીમાં..
- યુનિટ / એકમના કમ્પાઉન્ડમાં પડી રહેલ ભંગાર, ટાયરમાં ભરાયેલ પાણીમાં..

શહેરમાં વાહક જન્ય રોગચાળો અટકાવવા તથા નિયંત્રણ કરવા માટે મેલેરીયા વિભાગ દ્વારા અવારનવાર ચેકીંગની કામગીરી દરમ્યાન મચ્છરના બ્રિડીંગ જોવા મળતા હોય છે જેને તુરંત જ પોરા નાસક કામગીરી કરી દૂર કરવામાં આવે છે અને ભવિષ્યમાં મચ્છરના બ્રિડીંગ ન થાય તે સંબંધિત વિભાગને લેખિતમાં જાણ કરવામાં આવે છે. આમ, જે-તે વિભાગ દ્વારા મચ્છરના ઉત્પતિ સ્થાનો તાકીદે દુર કરવામાં આવે અને મચ્છરના બ્રિડીંગ તેમના નિયંત્રણ હેઠળની મ્યુનિ. મિલકતોમાં ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. હવે પછી નગર પ્રા.શિ.સમિતિ,અમદાવાદ સંચાલિત શાળાઓમાં તથા કચેરીઓમાં મચ્છર ઉત્પતિના સ્થાનો જોવા મળશે તો જે-તે મુખ્ય શિક્ષકશ્રી તથા શાળાના તમામ સ્ટાફ /અધિકારીશ્રીની જવાબદારી ગણવામાં આવશે.

તા. ૨૭-૯-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૪ - A તા.૨૭-૯-૨૦૧૯

(માન્ય શાળા પરિપત્ર નં.૩ )

તમામ શાળાઓ માટે :-

વિષય :-પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૯ બાબત.

આથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા તા.૧૧-૧૦-૧૯ થી તા.૧૮-૧૦-૧૯ સુધી નીચે જણાવેલ કાર્યક્રમ અનુસાર લેવાની રહેશે.

**પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૯નો કાર્યક્રમ**

| તારીખ | વાર | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૯ | શુક્રવાર | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૩ થી ૫ | ગણિત |
| | | ૨-૦૦ થી ૫-૦૦ | ૬ થી ૮ | ગણિત |
| ૧૨-૧૦-૧૯ | શનિવાર | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન |
| | | ૧૧-૩૦ થી ૧-૩૦ | ૩ થી ૫ | પ્રાદેશિક ભાષા |
| ૧૪-૧૦-૧૯ | સોમવાર | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૩ થી ૫ | માતૃભાષા |
| | | ૨-૦૦ થી ૫-૦૦ | ૬ થી ૮ | માતૃભાષા |
| ૧૫-૧૦-૧૯ | મંગળવાર | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૩ થી ૫ | પર્યાવરણ |
| | | ૨-૦૦ થી ૫-૦૦ | ૬ થી ૮ | વિજ્ઞાન |
| ૧૬-૧૦-૧૯ | બુધવાર | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૫ | અંગ્રેજી |
| | | ૨-૦૦ થી ૫-૦૦ | ૬ થી ૮ | અંગ્રેજી |
| ૧૭-૧૦-૧૯ | ગુરૂવાર | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૫ | હિન્દી |
| | | ૨-૦૦ થી ૫-૦૦ | ૬ થી ૮ | હિન્દી |
| ૧૮-૧૦-૧૯ | શુક્રવાર | ૧૧-૦૦ થી ૨-૦૦ | ૬ થી ૮ | સંસ્કૃત |
| | | ૩-૦૦ થી ૫-૦૦ | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા |
| શારીરિક શિક્ષણ<br>ચિત્રકલા સંગીત/કાર્યાનુભવ | | આ વિષયોની મૌખિક તેમજ ક્રિયાત્મક કસોટી સ્થાનિક કક્ષાએ<br>શાળા સમયમાં લેખિત પરીક્ષા અગાઉ લેવાની રહેશે. | | |

ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ નવા પાઠ્યપુસ્તકો અમલમાં હોઈ પ્રથમ સત્રના પાઠયપુસ્તકના તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. જે મેળવી લેવા અલગથી પરિપત્ર કરવામાં આવશે. પરિપત્ર નં.૫૪ તા.૮-૯-૧૧ મુજબ ધો.૧ અને ધો.૨ માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.૨માં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે. ધો.૪ હિન્દી અને અંગ્રેજી વિષયનું ૧૦૦ ગુણનું મૂલ્યાંકન વર્ષાન્તે કરવાનું રહેશે એટલે કે પ્રથમ સત્રાંત પરીક્ષામાં આ વિષયને આવરી લેવાશે નહિ.

**સત્રાંત પરીક્ષા દરમ્યાન નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.**

- ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- **ધો.૫ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે.** જેમાં વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ લખવાના રહેશે(પેન્સિલથી નહિ) વિદ્યાર્થીઓએ જવાબવહી બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- **ધો.૩ અને ૪ના તમામ માધ્યમમાં પ્રશ્નપત્રમાં જ જવાબ માટે જગ્યા રાખવામાં આવશે તેમજ ધો.૩ થી ૮ ઈતર માધ્યમના પ્રાદેશિક ભાષાના પ્રશ્નપત્રોમાં પણ જવાબ માટે જગ્યા રાખવામાં આવશે.** જેથી વિદ્યાર્થીઓને અલગથી જવાબવહીઓ આપવાની રહેતી નથી. તે અંગે તથા પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.

- શારીરિક શિક્ષણ, કલા જેવા વિષયોની પરીક્ષાના ટુલ્સ શાળા કક્ષાએથી તૈયાર કરવાના રહેશે.
- તમામ માધ્યમમાં **સામાજિક વિજ્ઞાનની** પરીક્ષા વખતે ઉત્તરવહીની સાથે ધો.૬ તથા ધો.૭માં **ભારત** અને ધો.૮માં A-4 સાઈઝનો **દુનિયાનો રેખાંકિત નકશો** દરેક વિદ્યાર્થીઓને આપવાનો થાય છે તેમજ **ગણિત વિષયની** પરીક્ષા વખતે ધો.૭ અને ધો.૮માં ઉત્તરવહીની સાથે A-4 સાઈઝના **આલેખપત્ર** આપવાના થાય છે માટે આપની શાળાના ધો.૬થી૮ની વિદ્યાર્થી સંખ્યા મુજબ **ભારત અને દુનિયાના** A-4 સાઈઝના રેખાંકિત **નકશા** તેમજ ધો.૭ અને ધો.૮ની વિદ્યાર્થી સંખ્યા મુજબ A-4 સાઈઝના **આલેખપત્ર** શાળા કક્ષાએથી અગાઉથી ખરીદી પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને આપવાના રહેશે. આનો ખર્ચ સંયુક્ત શાળા ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. વિદ્યાર્થીઓ પાસેથી આ અંગે કોઈપણ નાણાં લેવાના રહેશે નહિ.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.
- પરીક્ષા દરમ્યાનની વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા એ રીતે ગોઠવવી કે જેથી એક જ ધોરણના વિદ્યાર્થી પાસ-પાસે ન આવે. બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.
- સત્રાંત પરીક્ષા દરમ્યાન જે તે શાળામાં અન્ય શાળાના શિક્ષકોને સુપરવિઝનની કામગીરી સોંપવાની રહેશે. સામાન્ય રીતે સુપરવાઇઝરોની ફેરબદલી કરતી વખતે પગાર કેન્દ્ર બહાર શિક્ષકોને ન જવું પડે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં સુપરવાઇઝરોની ફેરબદલ અરસ-પરસ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.
- સત્રાંત પરીક્ષાની જવાબવહીઓનું બાહ્ય મૂલ્યાંકન કરાવવાનું રહેશે એટલે કે જે તે શાળાના શિક્ષકના બદલે અન્ય શાળાના તે ધોરણ / વિષય ભણાવતા શિક્ષક દ્વારા લેખિત હુકમ કરી મૂલ્યાંકનની કામગીરી સોંપવાની રહેશે. ઉ.દા. તરીકે નીચે મુજબ ફાળવણી કરવી.
    - ❖ કોઇ "એ" શાળામાં ધો-૩ થી ૮ના વિદ્યાર્થી છે અને ધો-૩ના ગણિત, ગુજરાતી અને પર્યાવરણ ત્રણ વિષય છે તો ધો-૩નો ગુજરાતી વિષય "બી" શાળાના શિક્ષકને, ગણિત વિષય "સી" શાળાના શિક્ષકને અને પર્યાવરણ વિષય "ડી" શાળાના શિક્ષકને મૂલ્યાંકન માટે આપવો. આજ રીતે અન્ય ધોરણના વિષય પણ અલગ અલગ શાળાના શિક્ષકોને ફાળવવા.
- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકશ્રીએ ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા ઉપરોકત કાર્યક્રમ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા.
- ઉત્તરવહીઓની સોંપણી પરીક્ષા પૂર્ણ થયે તે દિવસે અથવા મોડામાં મોડા બીજા દિવસે સબંધિત મૂલ્યાંકનકારને પહોંચાડવાની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.
- ઉત્તરવહીઓની ચકાસણી કરનાર મૂલ્યાંકનકારે ઉત્તરવહી મળ્યેથી વધુમાં વધુ પાંચ દિવસમાં ઉત્તરવહીઓની યોગ્ય અને પારદર્શી રીતે ચકાસણી કરી સબંધિત શાળાના મુખ્ય શિક્ષકને પહોંચાડી દેવાની રહેશે. સમયમર્યાદામાં ઉત્તરવહીઓની ચકાસણી થાય, કોઇ ઉત્તરવહી ગૂમ ન થાય તેની કાળજી લેવાની રહેશે.
- આ પરિણામની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચનાઓ સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. જેનું ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

તા.૨૭-૦૯-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૪ - B તા.૨૭-૯-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની સમાપ્તિ દિવસની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૫૪૯૭-૫૫૮૮ તા.૨૭-૦૯-૨૦૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ વિભાગ દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી સમાપ્તિ કાર્યક્રમ તા.૨જી ઓકટોબર-૨૦૧૯ના રોજ થનાર છે.તો તમામ શાળાઓને નીચે મુજબના કાર્યક્રમો હાથ ધરવાના રહેશે.

૧. દરેક શાળામાં નરસિંહ મહેતા રચિત ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજનતો તેને કહીએ...' નું સામુહિક ગાન કરાવવાનું રહેશે.

૨. ગાંધીજીના જીવન પ્રસંગોનો વાર્તાલાપ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સાથે કરવાનો રહેશે. ગાંધીજીના પ્રેરક પ્રસંગો બાળકો સમક્ષ કરવાના રહેશે.

૩. હાલમાં સીંગલ યુઝ પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આ બાબતને ધ્યાને લઈ બાળકોમાં આ નિયમ શાળાકક્ષાએથી જ દ્રઢ થાય અને સમાજમાં તેનું અનુકરણ થાય તે ધ્યાને લઈ આ સાથે સામેલ 'પ્લાસ્ટીક મુકત ભારત'નો સંકલ્પ લેવડાવવાનો રહેશે.

૪. જે શાળામાં પર્યાવરણ પ્રયોગશાળા બનાવવાની થતી હોય તે શાળાએ તા.૨-૧૦-૧૯ના રોજ પર્યાવરણ પ્રયોગશાળા શરૂ કરવાની રહેશે.

૫. ગાંધી જયંતિ નિમિતે દર વર્ષે શિક્ષકો દ્વારા ખાદી ખરીદવામાં આવતી હોય છે તે મુજબ ચાલુ વર્ષે પણ શિક્ષકો દ્વારા ખાદી ખરીદવાની રહેશે. શિક્ષકો દ્વારા કેટલી ખાદી ખરીદાયી તેની વિગતો નીચે મુજબના ફોર્મેટમાં જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીને તા.૨-૧૦-૧૯ના રોજ બપોરે ૧૨-૦૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે.

ફોર્મેટ

| શાળાનું નામ | ખાદી ખરીદનાર શિક્ષકોની સંખ્યા | કુલ કિંમત | રિમાર્કસ |
|---|---|---|---|
| | | | |

બિડાણ : પ્લાસ્ટિક મુકત ભારત - સંકલ્પ પત્ર

તા. ૨૭-૯-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# પ્લાસ્ટિક મુક્ત ભારત – સંકલ્પ પત્ર

હું આથી સંકલ્પ કરું છું કે.............

- હું પ્લાસ્ટીકમાંથી બનાવેલ થેલીઓ, થાળી, વાટકા, ગ્લાસ,કપ કે પાણીની બોટલોનો ઉપયોગ કરીશ નહી.
- હું મારી આસપાસના લોકોને એક જ વખત વપરાતા પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા સમજાવીશ.
- હું મારું ઘર, શાળા, ફળિયું, શેરી, બાગ-બગીચા જાહેર સ્થળો, ગામ તથા શહેર,રાજ્ય અને દેશને પ્લાસ્ટિક મુક્ત કરવા હંમેશા પ્રયત્નશીલ રહીશ.
- હું રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા અને પર્યાવરણને પ્રદૂષિત થતું બચાવવા માટે પ્લાસ્ટીક મુક્ત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા મન,વચન અને કર્મથી હંમેશાં પ્રયત્નશીલ રહીશ.

Scanned by CamScanner